**ક્રમાંક-૧૭**

**પત્રક ભાગ-૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**
**બુધવાર, તા.૨૪મી માર્ચ, ૨૦૨૧**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

(ક) બુધવાર, તા.૨૪મી માર્ચ, ૨૦૨૧ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦ અને ૧૧ ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલ સભ્યશ્રીઓના પ્રશ્ન અગ્રતા ક્રમ ૩ અને ૪ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૧૨ થી ૩૨૮ને પણ અતારાંકિત ગણવામાં આવ્યા.

**પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ વાગ્યે પૂરો થયો.**

(ખ) **અતારાંકિત પ્રશ્નોત્તરી**

માનનીય અધ્યક્ષશ્રીએ તેરમી, ચૌદમી અને પંદરમી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકી.

**૨. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત(નિયમ- ૧૧૬)**

પ્રભારી સભ્યશ્રી પુંજાભાઇ વંશ ગેરહાજર હોઇ ચર્ચા માટે હાથ ધરી શકાઇ નહીં.

**૩. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના સભ્યશ્રી જગદીશભાઇ પટેલે સમિતિનો તેરમો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કર્યો.

**૪.** બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના માનનીય સભ્યશ્રી જગદીશભાઇ પટેલે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

'' આ સભાગૃહ, બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના તેરમા અહેવાલ સાથે સંમત થાય.''

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

**૫. માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)**

માહિતી અને પ્રચારને લગતી સેવા અંગેની માહિતી અને પ્રસારણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૫૪, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગને લગતી સેવા અંગેની વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૮૯ અને ક્લાઇમેટ ચેઇન્જ વિભાગને લગતી સેવા અંગેની ક્લાઇમેટ ચેઇન્જ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૧૦૭, માહિતી અને પ્રસારણ વિભાગ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ અને કલાઇમેટ ચેઇન્જ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ રજૂ કરી. શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક- ૯ અને શિક્ષણ વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાક-૧૦ શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ રજૂ કરી. ન્યાયતંત્રનો વહીવટને લગતી સેવા અંગેની કાયદા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૬૦ માનનીય રાજ્યકક્ષાના કાયદા મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક-૫૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૧, ૨, ૪, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩ અને ૧૪, માગણી ક્રમાંક-૮૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫, ૧૬ અને ૧૭, માગણી ક્રમાંક-૧૦૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮, ૧૯, ૨૧ અને ૨૨, માગણી ક્રમાંક-૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫, ૨૭, ૨૯, ૩૦, ૩૧, ૩૩, ૩૪, ૩૫, ૩૭, ૩૮, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯, ૫૦ અને ૫૧ તથા માગણી ક્રમાંક-૬૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૫૩, ૫૪, ૫૫, ૫૭, ૫૮ અને ૫૯ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

**૬. માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ રજૂ થયેલી માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

| | |
|---|---|
| (૧) ડો. અનિલ જોષીયારા | (૪) શ્રી રાકેશભાઇ શાહ |
| (૨) શ્રી વિવેકભાઇ પટેલ | (૫) શ્રી પ્રેમસિંહભાઇ વસાવા |
| (૩) શ્રી હિંમતસિંહ પટેલ | |

**૭. વિરામનો સમય વધારવા બાબત**

માનનીય મુખ્ય દંડકશ્રી પંકજ દેસાઇએ વિરામનો સમય અડધા કલાકને બદલે એક કલાકનો કરવા

અંગેની દરખાસ્ત કરતાં, માનનીય વિપક્ષના દંડકશ્રી અશ્વિનભાઇ કોટવાલે દરખાસ્તને ટેકો આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ વિરામનો સમય બપોરના ર.૩૦થી ૩.૩૦નો રહેશે તેમ જણાવ્યું.

**૮. માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)(ક્રમશઃ)**

(૬) શ્રી કુબેરભાઇ ડીંડોર
(૭) શ્રી કીરીટકુમાર પટેલ
(૮) શ્રી આત્મારામ પરમાર
(૯) શ્રી ગુલાબસિંહ રાજપુત
(૧૦) શ્રી ગોવિંદભાઇ પટેલ
(૧૧) શ્રી ગ્યાસુદ્દીન શેખ(પ્રવચન અધૂરુ)

**(વિરામ બપોરના ૨–૩૦ થી ૩–૩૦)**

વિરામ બાદ સભ્યશ્રી ગ્યાસુદ્દીન શેખે તેમનું અધૂરુ રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૨) શ્રીમતી સીમાબેન મોહીલે
(૧૩) શ્રી ભગાભાઇ બારડ
(૧૪) ડો. આશાબેન પટેલ
(૧૫) શ્રી સુનિલભાઇ ગામીત
(૧૬) શ્રી જગદીશભાઇ પટેલ
(૧૭) શ્રી પુનમભાઇ પરમાર
(૧૮) શ્રી પ્રતાપભાઇ દૂધાત
(૧૯) શ્રી પરસોત્તમભાઇ સાબરીયા
(૨૦) શ્રીમતી ગેનીબેન ઠાકોર
(૨૧) શ્રી સુખરામભાઇ રાઠવા
(૨૨) શ્રી શીવાભાઇ ભુરીયા

ત્યારબાદ કાયદા વિભાગની ચર્ચાનો જવાબ રાજ્યકક્ષાના માનનીય કાયદા મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ આપ્યો.

ત્યારબાદ માહિતી અને પ્રસારણ, વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી અને કલાઇમેટ ચેઇન્જ વિભાગની તથા શિક્ષણ વિભાગની ચર્ચાનો જવાબ માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા આપી રહ્યા હતા ત્યારે સભાગૃહનો સમય પૂર્ણ થવા આવતાં સભાગૃહનો સમય લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

**૯. સભાગૃહનો સમય લંબાવવા બાબત.**

મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ માનનીય મંત્રીશ્રીનું પ્રવચન પૂર્ણ થાય અને માગણીઓ પરનું મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવાની દરખાસ્ત કરતાં, વિપક્ષના ઉપ નેતાશ્રી શૈલેષભાઇ પરમારે દરખાસ્તને ટેકો આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ મંત્રીશ્રીનું પ્રવચન પૂર્ણ થાય પછી વધુ પાંચ મિનિટ અને માગણીઓ પરનું મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવાની જાહેરાત કરી.

**૧૦. માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ અધૂરો રહેલ માહિતી અને પ્રસારણ, વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી અને કલાઇમેટ ચેઇન્જ વિભાગની તથા શિક્ષણ વિભાગની ચર્ચાનો જવાબ માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા એ આપ્યો.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક ૧, ૨, ૪, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૧, ૨૨, ૨૫, ૨૭, ૨૯, ૩૦, ૩૧, ૩૩, ૩૪, ૩૫, ૩૭, ૩૮, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯, ૫૦, ૫૧, ૫૩, ૫૪, ૫૫, ૫૭, ૫૮ અને ૫૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૫૪, ૮૯, ૧૦૭, ૯, ૧૦ અને ૬૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૧૧. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી જીગ્નેશકુમાર મેવાણી (૧૧–વડગામ) ની સચિવાલય, ગાંધીનગરના ગેટ નં.૧ ખાતેથી તા.૨૩–૩–૨૦૨૧ના રોજ સવારે ૧૧.૩૦ વાગ્યે પોલીસ દ્વારા ધરપકડ અને તે જ દિવસે સાંજે ૬.૩૫ કલાકે મુક્ત થયા અંગેની જાણકારી સભાગૃહને આપી.

**સભાગૃહ, ગુરુવાર તા. ૨૫મી માર્ચ, ૨૦૨૧ના રોજ**
**બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૫.૫૪ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૨૪મી માર્ચ, ૨૦૨૧**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**